સ્પોર્ટ્સ ફિવર
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત



## IPL 2026ની સમીક્ષા

# RCBનું ઉત્થાન યથાવત, MI અને LSGનું ભવિષ્ય ધૂંધળું



IPL 2026નું રવિવારે સમાપન થયું અને તેમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સને હરાવીને સતત બીજીવાર ચેમ્પિયન બની છે. આ સાથે જ RCB ટાઈટલ ડિફેન્ડ કરનારી મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) પછી માત્ર ત્રીજી ટીમ બની છે. જો હાલની સિઝનને ધ્યાને લઈએ તો કહી શકાય કે RCBએ વધુ એક અત્યંત સફળ પ્રદર્શન સાથે પોતાની મજબૂત સ્થિતિ જાળવી રાખી છે, જ્યારે ગુજરાત ટાઈટન્સે પ્લે-ઓફમાં પહોંચવાની પોતાની સાતત્યતા જાળવી રાખી છે. બીજી તરફ, IPLની દિગ્ગજ ગણાતી મુંબઈ ઈન્ડિયન્સ અને પોઈન્ટ ટેબલમાં પાછળ રહેલી લખનૌ સુપર જાયન્ટ્સના કથળેલા પ્રદર્શને 2026ની સીઝન સત્તાવાર રીતે પૂરી થાય તે પહેલાં જ આગામી સીઝન માટે મોટા ફેરફારોના સંકેતો આપી દીધા છે. T20 ક્રિકેટમાં કોઈપણ ટીમ ગમે તેને હરાવી શકે છે, અને આ જ સ્પર્ધાત્મકતા આ લીગમાં પણ જોવા મળી, જ્યાં પ્લે-ઓફની ટીમોનો નિર્ણય લીગ સ્ટેજના છેલ્લા દિવસે થયો હતો. RCB, ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ છેલ્લા દિવસ પહેલા જ ક્વોલિફાય થઈ ચૂક્યા હતા, પરંતુ 24 મેના રોજ મુંબઈ ઈન્ડિયન્સ સામેની જીત સાથે રાજસ્થાન રોયલ્સ ચોથી ટીમ તરીકે પ્લે-ઓફમાં જોડાઈ હતી. રોયલ્સે આ જીત સાથે લીગના છેલ્લા દિવસે પંજાબ કિંગ્સને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધું હતું. આજે અહીં આપણે વિશ્વની આ સૌથી મોટી T20 લીગની તમામ 10 ટીમોના આ સીઝનના પ્રદર્શન પર પોઈન્ટ ટેબલના ક્રમ અનુસાર એક નજર નાખીશું.

ટુ ધ પોઈન્ટ

> **IPLની આ સિઝન પ્લેઓફના મામલે ઘણી રોમાંચક પુરવાર થઇ છે અને પ્લેઓફની ત્રણ ટીમો તો નક્કી થઇ ચુકી હતી પણ ચોથી ટીમ અંગેનો નિર્ણય લીગ સ્ટેજના અંતિમ સમયે થયો હતો, આ સિઝનમાં RCB ફરી સુપર પાવર સાબિત થઇ તો સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સના યુવા ખેલાડીઓએ પોતાની શક્તિનો બધાને પરિચય કરાવી દીધો.**

## રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)

18 વર્ષ સુધી IPL ટાઇટલ માટે તરસનારી આ ફ્રેન્ચાઇઝીએ ગત સીઝનની ઐતિહાસિક જીત બાદ જાણે જીતવાની આદત જ પાડી દીધી છે. એન્ડી ફ્લાવર અને મો બોબેટના નેતૃત્વમાં મેનેજમેન્ટે એક એવી ચેમ્પિયન ટીમ તૈયાર કરી છે જે મેદાન પર શાનદાર પ્રદર્શન કરી રહી છે. RCB ઈચ્છશે કે નજીકના ભવિષ્યમાં કોઈ મેગા ઓક્શન ન થાય, કારણ કે ટીમના મોટાભાગના ખેલાડીઓ સીઝન દર સીઝન પોતાની રમતને વધુ બહેતર બનાવી રહ્યા છે. આ સીઝનમાં તેમનો ઈરાદો પોતાના ટાઇટલનો બચાવ કરવાનો નહીં, પરંતુ આક્રમક રીતે બીજી ટ્રોફી જીતવાનો હતો, અને તેઓ મેદાન પર તે મુજબ જ રમ્યા. સુપરસ્ટાર વિરાટ કોહલી કરિયરના આ તબક્કે પણ "યુવા ખેલાડીઓ" સાથે સ્પર્ધા કરવા માટે પોતાની રમતમાં સતત નવો બદલાવ લાવી રહ્યો છે. સચિન તેંડુલકરના મતે ભુવનેશ્વર કુમારે પોતાની શાનદાર "વોબલી સીમ" બોલિંગથી જૂના દિવસોની યાદ તાજી કરાવી દીધી હતી. તેને ટૂર્નામેન્ટના બીજા ભાગમાં જોશ હેઝલવુડનો સારો સાથ મળ્યો. કૃણાલ પંડ્યાએ પોતાની વિવિધતાભરી બોલિંગથી ચોંકાવ્યા અને પાંચમું IPL ટાઇટલ જીતવા તરફ કદમ વધાર્યા, જ્યારે ફાસ્ટ બોલર રસિખ દાર પણ આ સીઝનમાં ઘણો પરિપક્વ દેખાયો. દેવદત્ત પડિક્કલે આધુનિક T20ની જરૂરિયાતોને પહોંચી વળવા પોતાની પરંપરાગત રમતમાં સ્પષ્ટ ફેરફારો કર્યા, જ્યારે કેપ્ટન રજત પાટીદારે પોતાના મેચ-વિનિંગ પ્રદર્શનથી રાષ્ટ્રીય પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું. વેંકટેશ અય્યરને ટૂર્નામેન્ટના અંતિમ તબક્કામાં 'ઇમ્પેક્ટ પ્લેયર' તરીકે લાવવામાં આવ્યો હતો અને તેણે પણ સારું પ્રદર્શન કર્યું. RCB આ ટૂર્નામેન્ટની સૌથી સંતુલિત અને સંપૂર્ણ ટીમ દેખાતી હતી.

## ગુજરાત ટાઇટન્સ

જો RCBએ જીતવાની આદત પાડી છે, તો ટાઇટન્સ તેની ટૂંકી IPL સફરમાં સૌથી સુસંગત (consistent) ટીમ તરીકે ઉભરી આવી છે. તેઓએ પાંચ પ્રયાસોમાંથી ત્રણ વખત ફાઇનલમાં જગ્યા બનાવી છે, જેમાં ડેબ્યુ સીઝનનું ટાઇટલ પણ સામેલ છે. શુભમન ગિલ, સાઈ સુદર્શન અને જોસ બટલર ટોપ ઓર્ડરમાં સતત રન બનાવતા રહ્યા. જો કે, જો ટોપ ઓર્ડર ક્યારેક નિષ્ફળ જાય, તો મિડલ ઓર્ડર એટલો ભરોસાપાત્ર દેખાતો નથી, અને આગામી ઓક્શનમાં ટાઇટન્સ આ ખામીને સુધારવા માંગશે. તેમની બોલિંગ કદાચ ટૂર્નામેન્ટમાં સર્વશ્રેષ્ઠ હતી, તેમ છતાં તેઓ છેલ્લી આખરી મંજિલ પાર ન કરી શક્યા. નિષ્ણાતોના મતે, આ એક એવી ટીમ છે જેની પાસે જો તેમનો ટોપ ઓર્ડર અને નવી બોલના બોલરો નિષ્ફળ જાય, તો 'પ્લાન-બી' હોતો નથી. ટૂર્નામેન્ટમાં આવું ભાગ્યે જ બન્યું, પણ જ્યારે પણ બન્યું, ટાઇટન્સ વાપસી કરી શકી નહીં.

## દિલ્હી કેપિટલ્સ

અક્ષર પટેલના નેતૃત્વમાં દિલ્હી કેપિટલ્સ સતત બીજી સીઝનમાં પ્લે-ઓફમાં પહોંચવામાં નિષ્ફળ રહી. આ વધુ એક એવી સીઝન હતી જ્યાં કેએલ રાહુલે ૫૦૦થી વધુ રન બનાવ્યા, પરંતુ ટીમની સ્થિતિ જોતાં તે રનનું ખાસ મૂલ્ય ન રહ્યું. ટીમ પાસે મિડલ ઓર્ડરમાં આક્રમક બેટિંગ પાવર નહોતો અને ટીમમાં એકસરખા (one dimensional) ખેલાડીઓ વધુ હતા. બોલિંગમાં પણ ધાર નહોતી, અને ટૂર્નામેન્ટના પ્રથમ ભાગમાં મિચેલ સ્ટાર્કની ગેરહાજરીએ મુશ્કેલીઓ વધારી દીધી. તેમના મુખ્ય સ્પિનર કુલદીપ યાદવ માટે આ સીઝન ભૂલી જવા જેવી રહી, જ્યારે ફોર્મમાં રહેલા લુંગી એન્ગીડી પણ એકલા હાથે બહુ કંઈ કરી શક્યા નહીં. એવી અપેક્ષા છે કે દિલ્હી કેપિટલ્સ આગામી સમયમાં પોતાનો કેપ્ટન બદલશે.

## રાજસ્થાન રોયલ્સ

કેપ્ટન રિયાન પરાગના સ્વીકાર મુજબ, રોયલ્સે લીગ સ્ટેજના છેલ્લા દિવસ કરતાં ઘણું વહેલું ક્વોલિફાય કરી લેવું જોઈતું હતું. તેમનું આખું અભિયાન ૧૫ વર્ષના અદભુત બાળક વૈભવ સૂર્યવંશી પર ખૂબ નિર્ભર હતું, જેણે ૨૩૭.૩૦ના આશ્ચર્યજનક સ્ટ્રાઈક રેટથી ૭૭૬ રન બનાવીને પોતાની પ્રથમ આખી સીઝનમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો. જોફ્રા આર્ચર ૨૫ વિકેટ સાથે ટૂર્નામેન્ટના ટોપ વિકેટ ટેકર્સમાં સામેલ રહ્યો, જે શરૂઆતની ઓવરોમાં સતત સફળતા અપાવતો હતો. પરંતુ જ્યારે સૂર્યવંશી અને આર્ચર બંને ન ચાલ્યા ત્યારે ટીમે સંઘર્ષ કરવો પડ્યો. ધ્રુવ જુરેલે બેટ્સમેન તરીકે શાનદાર સીઝન વિતાવી, રવિ બિશ્નોઈની જગ્યાએ યશ રાજ પુંજા મુખ્ય સ્પિનર તરીકે ઉભરી આવ્યો, જ્યારે સેમ કરન ઈજાના કારણે રમી શક્યો નહીં જેથી ટીમ તેની ખોટ અનુભવતી રહી. પરાગે કેપ્ટન તરીકે પોતાની પ્રથમ સીઝનમાં પ્લે-ઓફમાં પહોંચાડીને સારું કામ કર્યું, પરંતુ તે બેટથી સાતત્ય જાળવી શક્યો નહીં. મેદાનની બહારની ઘટનાઓ પણ ચર્ચામાં રહી, જેમાં ટીમ મેનેજર રોમી ભિન્ડરને ડગઆઉટમાં સેલફોન વાપરવા બદલ ૧ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો, જ્યારે પરાગ ડ્રેસિંગ રૂમમાં વેપિંગ (vaping) કરતો નેશનલ ટેલિવિઝન પર ઝડપાયો હતો.

## કોલકાતા નાઇટ રાઇડર્સ (KKR)

શરૂઆતની પ્રથમ છ મેચ હાર્યા બાદ KKRએ વાપસી કરીને ૧૦ ટીમોમાંથી સાતમું સ્થાન મેળવ્યું જે પ્રશંસનીય છે. એવી પ્રબળ સંભાવના છે કે અજિંક્ય રહાણે પોતાની છેલ્લી IPL સીઝન રમી ચૂક્યો છે. ટીમ તમામ વિભાગોમાં સંઘર્ષ કરતી જોવા મળી અને તેને મોટા ફેરફારની જરૂર છે. કેમેરોન ગ્રીનને ઓક્શનમાં ૨૫.૨૦ કરોડની રેકોર્ડ કિંમતે ખરીદવામાં આવ્યો હતો, પરંતુ તેના માટે પણ આ સીઝન બહુ યાદગાર રહી નથી.

## ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)

પાંચ વખતની ચેમ્પિયન ટીમ ૨૦૨૩માં ટાઇટલ જીત્યા બાદ એક પણ વખત પ્લે-ઓફમાં પહોંચી શકી નથી. રુતુરાજ ગાયકવાડના નેતૃત્વવાળી આ ટીમને હવે પોતાના અભિગમમાં ફેરફાર કરવાની જરૂર છે. સૌથી પહેલા તો એમએસ ધોનીના ભવિષ્ય અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે, જેથી ટીમ પૂર્વ ભારતીય કેપ્ટનના ભવ્ય ભૂતકાળમાંથી બહાર આવીને આગળ વધી શકે. ધોની ઈજાના કારણે આ સીઝનમાં એક પણ મેચ રમી શક્યો નહોતો, પરંતુ આગામી સીઝનમાં શું થશે તે તેના સિવાય કોઈ જાણતું નથી. ગાયકવાડ ૨૦૨૪માં કેપ્ટન બન્યા બાદ બેટ્સમેન તરીકે એટલો ખીલી શક્યો નથી. બેટિંગ લાઇન-અપ બિનઅનુભવી છે અને ઉર્વીલ પટેલ જેવા ખેલાડીઓએ હજી પોતાને સાબિત કરવાના બાકી છે. હાર્દિક પંડ્યા મુંબઈ ઇન્ડિયન્સ છોડવાનો હોવાથી, CSK કેપ્ટનશિપના રોલ માટે તેના નામ પર વિચાર કરી શકે છે. અથવા, જો તેઓ અલગ દિશામાં જવા માંગતા હોય તો સંજુ સેમસન પણ એક સારો વિકલ્પ બની શકે છે.

## મુંબઈ ઇન્ડિયન્સ (MI)

ભારતીય સ્ટાર ખેલાડીઓથી ભરેલી મુંબઈ ઇન્ડિયન્સે આ સીઝનમાં સૌથી વધુ નિરાશ કર્યા છે. જસપ્રિત બુમરાહ, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માની ચોકડી માટે આ સીઝન ભૂલી જવા જેવી રહી. રોહિત શર્માએ ઓપનિંગમાં સારું પ્રદર્શન કર્યું, પરંતુ તેની સીઝન ઈજાથી પ્રભાવિત રહી. આખી સીઝન દરમિયાન નેતૃત્વને લઈને ટીમની અંદર મતભેદોની ચર્ચાઓ ચાલતી રહી અને હાર્દિકે એકલા હાથે લડવું પડ્યું. હવે જોવાનું એ રહેશે કે આગામી સીઝન માટે ટીમ મેનેજમેન્ટ અને માલિક કેપ્ટન તરીકે કોની પસંદગી કરે છે. ટીમમાં સૌથી અનુભવી એવા બુમરાહને આ જવાબદારી સોંપાઈ શકે છે.

## લખનૌ સુપર જાયન્ટ્સ (LSG)

કેપ્ટન ઋષભ પંતે સતત બે નબળી સીઝન બાદ કેપ્ટન પદ પરથી રાજીનામું આપી દીધું છે અને આગામી સીઝન માટે ટીમમાં મોટા ફેરફારોની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ટૂર્નામેન્ટના પ્રથમ ભાગમાં બેટિંગ ખરાબ રીતે ફ્લોપ રહી, જ્યારે મોહમ્મદ શમી, મોહસિન ખાન અને પ્રિન્સ યાદવની આગેવાનીમાં બોલર્સે પ્રભાવિત કર્યા. મોહસિન એકમાત્ર એવો બોલર હતો જેણે ખતરનાક બેટ્સમેન વૈભવ સૂર્યવંશી સામે મેડન ઓવર નાખી હતી. ટૂર્નામેન્ટના બીજા ભાગમાં બોલિંગનું સ્તર પણ ગગડી ગયું અને બેટિંગ ક્યારેય એકસાથે ચાલી શકી નહીં. પંત માટે આ વધુ એક સામાન્ય સીઝન રહી અને નિકોલસ પૂરનનું પ્રદર્શન પણ ભારે નિરાશાજનક રહ્યું. જસ્ટિન લેંગર, ટોમ મૂડી અને સંજીવ ગોએન્કા આ વર્ષના અંતમાં યોજાનારા મિની-ઓક્શનમાં નવા કેપ્ટનની શોધમાં રહેશે.

## સનરાઇઝર્સ હૈદરાબાદ

પેટ કમિન્સના નેતૃત્વવાળી આ ટીમે નબળી શરૂઆત બાદ શાનદાર વાપસી કરી હતી, પરંતુ એલિમિનેટર મેચમાં વૈભવ સૂર્યવંશી અને જોફ્રા આર્ચરની અદભુત રમત સામે તેઓ હારી ગયા. તેમના માટે સૌથી મોટો સકારાત્મક પક્ષ પ્રફુલ હિંગે અને સાકિબ હુસૈન જેવા યુવા ફાસ્ટ બોલરોનો ઉદય રહ્યો. ગઈ સીઝનની નિરાશા બાદ નીતિશ રેડ્ડીએ બેટ અને બોલ બંનેથી સમયસર યોગદાન આપ્યું. અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ અને ઈશાન કિશન સહિતના વિસ્ફોટક ટોપ ઓર્ડરે ફરીથી રન બનાવ્યા, જોકે ઓસ્ટ્રેલિયન ખેલાડી (ટ્રેવિસ હેડ) તેના ઊંચા સ્તર પ્રમાણે પ્રદર્શન કરી શક્યો નહીં. ચોથા નંબરે હેનરિક ક્લાસેન આ સીઝનનો સ્ટાર બેટ્સમેન રહ્યો, જેણે ૧૬૦ના સ્ટ્રાઈક રેટથી ૬૨૪ રન બનાવીને પોતાની IPL કરિયરની સર્વશ્રેષ્ઠ સીઝન માણી. SRH ફ્લેટ પિચો પર શાનદાર હતી, પરંતુ હૈદરાબાદની બહાર રમાયેલી મેચોમાં તેમનું પ્રદર્શન એટલું સારું નહોતું.

---

બે અલગ અલગ રમતોના બે કોચમાં આશ્ચર્યજનક સામ્યતા

# RCBનો એન્ડી ફ્લાવર અને PSGનો લુઈસ એનરિક



સ્પેશિયલ કોમેન્ટ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ને સતત બીજી વખત આઈપીએલ (IPL) ટાઈટલ જીતાડવામાં મદદ કરવા બદલ વિરાટ કોહલી, રજત પાટીદાર અને ભુવનેશ્વર કુમાર પર પ્રશંસાના વરસાદ થઈ રહ્યો છે, પરંતુ એક અન્ય વ્યક્તિ પણ છે જે પડદા પાછળ રહીને શાંતિથી સંતોષનું સ્મિત રેલાવી રહી હશે. તે વ્યક્તિ છે એન્ડી ફ્લાવર, એક શાંત ક્રાંતિકારી, જેણે RCBને માત્ર ઈતિહાસ શોધનારી ટીમમાંથી ઈતિહાસ રચનારી ટીમમાં બદલી નાખી. જ્યારે ઓગસ્ટ 2023માં તેમણે ટીમની કમાન સંભાળી, ત્યારે RCB હજુ પણ તેના પ્રથમ IPL ખિતાબની શોધમાં હતું, જેના કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલ્સ તેમને સતત નિશાન બનાવતા હતા.

તે સમયની રોયલ ચેલેન્જર્સને IPLની 'પેરિસ સેન્ટ જર્મેન' (PSG) કહેવી અતિશયોક્તિ નહીં ગણાય, કારણ કે આ ટીમ માત્ર મોટા અને દિગ્ગજ ખેલાડીઓ પર નિર્ભર હતી. લુઈસ એનરિકના માર્ગદર્શન હેઠળ હવે બે વખત UEFA ચેમ્પિયન્સ લીગ જીતનારી PSG ટીમની જેમ જ, રોયલ ચેલેન્જર્સે પણ દિગ્ગજ સ્ટાર્સની ફોજ હોવા છતાં વર્ષો સુધી નિરાશાનો સામનો કરવો પડ્યો હતો. તેમની પાસે કોહલીની સાથે T20 ફોર્મેટના શ્રેષ્ઠ ખેલાડીઓ જેવા કે એબી ડી વિલિયર્સ, ક્રિસ ગેલ, ડેલ સ્ટેન, શેન વોટસન અને યુવરાજ સિંહ વગેરે હતા.

જેમ PSG ટીમને 2023માં એનરિકના રૂપમાં તેના તારણહાર મળ્યા, તે જ વર્ષે ફ્લાવર પણ RCB સાથે જોડાયા. RCBને આ ઝિમ્બાબ્વેના પૂર્વ ક્રિકેટરના રૂપમાં એક એવો માસ્ટરમાઈન્ડ મળ્યો જે કોઈ પણ આડંબર વિના માત્ર શિસ્ત, ચોક્કસ માળખા અને એકતામાં વિશ્વાસ રાખે છે. ફ્લાવર અગાઉ પણ વૈશ્વિક સ્તરે પોતાની ક્ષમતા સાબિત કરી ચૂક્યા હતા. તેણે ઈંગ્લેન્ડ ટીમને 2005માં એશેઝ સીરિઝ, 2012માં ભારતમાં ટેસ્ટ સીરિઝ અને 2010માં T20 વર્લ્ડકપ જીતાડ્યો હતો.

ક્લબ ક્રિકેટની વાત કરીએ તો, તેણે મુલ્તાન સુલ્તાન્સ, ગલ્ફ જાયન્ટ્સ, ટ્રેન્ટ રોકેટ્સ અને મરાઠા અરેબિયન્સ જેવી વિવિધ ફ્રેન્ચાઈઝી લીગમાં ટીમોને ચેમ્પિયન બનાવી હતી. આ સફળતા એનરિકની બાર્સિલોના સાથેની 'ટ્રેબલ' જીત અને PSGના યુરોપિયન તાજ માટેના 55 વર્ષના લાંબી રાહનો અંત લાવવા જેવી જ હતી. પરંતુ આ બધું કરવા માટે, ફ્લાવરે રોયલ ચેલેન્જર્સના જૂના અને ચીલાચાલુ માળખાને તોડવું પડ્યું હતું.

માઈક હેસન પાસેથી જવાબદારી લીધા પછી, ફ્લાવરનું મુખ્ય ધ્યાન RCBના બોલિંગ વિભાગને મજબૂત કરવા પર હતું. IPL 2025ની હરાજી પહેલાં ભુવનેશ્વર કુમારને 10.75 કરોડ રૂપિયામાં ખરીદવાના નિર્ણય પર ઘણા લોકોએ સવાલો ઉઠાવ્યા હતા. પરંતુ આ નિર્ણય એક માસ્ટર-સ્ટ્રોક સાબિત થયો, કારણ કે આ અનુભવી ફાસ્ટ બોલરે બે IPL સીઝનમાં 45 વિકેટ ઝડપીને RCBના બોલિંગ આક્રમણનું શાનદાર નેતૃત્વ કર્યું.

યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે જાણીતા ફ્લાવરે મેન્ટર દિનેશ કાર્તિક, ડિરેક્ટર ઓફ ક્રિકેટ મો બોબાટ અને સ્કાઉટ્સની ટીમ સાથે મળીને રસિખ સલામ દાર, સુયશ શર્મા, અભિનંદન સિંહ અને મંગેશ યાદવ જેવા કેટલાક યુવા બોલરોને ટીમમાં સામેલ કર્યા.

કેપ્ટન પાટીદારે ફ્લાવરની અનુભવી સ્ટાર્સ અને ઉભરતા ખેલાડીઓ બંને સાથે અસરકારક રીતે કામ કરવાની ક્ષમતાના ખૂબ વખાણ કર્યા. પાટીદારે ઉત્સાહપૂર્વક જણાવ્યું કે, હું કહી શકું છું કે હું IPLમાં ચાર વર્ષથી રમી રહ્યો છું. મને લાગે છે કે તેઓ અત્યાર સુધીના સર્વશ્રેષ્ઠ કોચમાંથી એક છે, કારણ કે તેઓ જે રીતે ખેલાડીઓને સંભાળે છે તે અદ્દભૂત છે. રજત પાટીદાર કહે છે કે તેઓ માત્ર પ્લેઈંગ ઈલેવનમાં રમી રહેલા ખેલાડીઓ પર જ નહીં, પરંતુ જેઓ નથી રમી રહ્યા, જેઓ ટીમમાં નવા છે અને પોતાની પ્રથમ IPL સીઝન રમી રહ્યા છે, તે દરેક ખેલાડી સાથે ઘણો સમય વિતાવે છે. તેમની પ્રશંસા માટે મારી પાસે પૂરતા શબ્દો નથી, પરંતુ તેઓ મારી કરિયરના સર્વશ્રેષ્ઠ કોચ છે. 33 વર્ષીય પાટીદારે પોતાની વાતને સાબિત કરવા માટે રસિખ દારનું ઉદાહરણ આપ્યું. દારે IPL 2026 માં 19 વિકેટ ઝડપીને ભુવનેશ્વર અને જોશ હેઝલવુડ જેવા મુખ્ય બોલરોને શાનદાર સાથ આપ્યો હતો. પાટીદારે કહ્યું, જ્યારે અમે દારને તક આપી, ત્યારે તે ખૂબ જ આત્મવિશ્વાસથી ભરપૂર દેખાતો હતો. તેને પોતાની કુશળતા, સ્લોઅર બોલ, બેક ઓફ ધ હેન્ડ અને યોર્કર પર પૂરો ભરોસો છે.

મને લાગે છે કે તેણે IPL 2026માં ભુવી અને જોશને ખૂબ જ સારી રીતે સપોર્ટ કર્યો. હું જ્યારે પણ તેને જોઉં છું, ત્યારે તેને ટીમમાં પોતાની ભૂમિકા વિશે પૂરી સ્પષ્ટતા હોય છે. પાટીદારના મતે આ સ્પષ્ટતા એટલા માટે આવે છે કારણ કે ટીમમાં કોઈના પગાર કે કદને જોયા વગર દરેક ખેલાડીને સમાન સન્માન આપવામાં આવે છે. તેણે સમજાવ્યું કે, ચોક્કસપણે, મને લાગે છે કે ટીમનું કલ્ચર બદલાયું છે. ખેલાડીઓની માનસિકતામાં ઘણો બદલાવ આવ્યો છે.

આ બધો શ્રેય કોચિંગ સ્ટાફને જાય છે કારણ કે તેઓ ખેલાડીઓને ખૂબ જ સરસ રીતે હેન્ડલ કરી રહ્યા છે. તેઓ જાણે છે કે માત્ર અનુભવી ખેલાડીઓ જ નહીં, પરંતુ નવા ખેલાડીઓ પણ ટીમનો એટલો જ મહત્વનો ભાગ છે. અમારો કોચિંગ સ્ટાફ દરેક ખેલાડી સાથે સમાન વ્યવહાર કરી રહ્યો છે અને આ જ મોટો બદલાવ હું અનુભવી રહ્યો છું. ફ્લાવરના આવ્યા પછી ટીમમાં આવેલો આ સાંસ્કૃતિક બદલાવ હવે સાફ દેખાઈ રહ્યો છે. વર્ષોથી RCB એવા કોચની શોધમાં પ્રયોગો કરી રહ્યું હતું જે તેમને તે પ્રખ્યાત ટ્રોફી અપાવી શકે. જ્યારે આખરે તેમને યોગ્ય વ્યક્તિ મળ્યા, ત્યારે તેમણે બેંગલુરુના RCB હેડક્વાર્ટરમાં એક નહીં પણ સતત બે ટ્રોફી લાવીને મૂકી દીધી.

> **જે રીતે PSGને લુઇસ એનરિકે હાલના પડછાયામાંથી બહાર કાઢીને ચેમ્પિયન બનાવી તે રીતે જ એન્ડી ફ્લાવરે પણ 17 સિઝનથી ચાલી આવતી RCBની ટ્રોફીની રાહનો અંત લાવવામાં મહત્વની ભૂમિકા ભજની છે. PSGને એનરિકે બે વાર ચેમ્પિયન્સ લીગ ટાઇટલ જીતાડ્યું અને ફ્લાવરે પણ RCBને બે ટાઇટલ જીતાડ્યા છે.**

# ઋષભ પંતની LSG કેપ્ટનશીપ છોડવા પાછળની અંદરની વાત

IPL 2026 ના વિનાશક અભિયાન બાદ લખનૌ સુપર જાયન્ટ્સમાં ઋષભ પંતનો કેપ્ટનશીપનો કાર્યકાળ અચાનક સમાપ્ત થઈ ગયો છે, જેમાં ફ્રેન્ચાઇઝ ટેબલમાં તળિયે રહી હતી. ગુરુવારે, LSG એ પુષ્ટિ આપી કે પંતે કેપ્ટનશીપની જવાબદારીઓમાંથી મુક્ત થવાની વિનંતી કરી હતી, અને ફ્રેન્ચાઇઝે તાત્કાલિક અસરથી તેમના નિર્ણયનો સ્વીકાર કર્યો હતો. આમ તો આ જાહેરાત સિઝન પછી આવી હતી, પરંતુ પંતનો નિર્ણય ઘણા અઠવાડિયાથી આકાર લઈ રહ્યો હતો કારણ કે ઝુંબેશ દરમિયાન નિરાશાઓ વધી રહી હતી અને અપેક્ષાઓ પૂરી કરવામાં નિષ્ફળતા મળી હતી. ફ્રેન્ચાઇઝીએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) ઔપચારિક રીતે જાહેરાત કરવા માંગે છે કે ઋષભ પંતે ફ્રેન્ચાઇઝી સાથેની તેમની કેપ્ટનશીપની ફરજોમાંથી મુક્ત થવાની વિનંતી કરી છે, અને ફ્રેન્ચાઇઝીએ તાત્કાલિક અસરથી તેમની વિનંતી સ્વીકારી લીધી છે.

ઋષભે આ વિનંતી સાથે ફ્રેન્ચાઇઝીનો સંપર્ક કર્યો અને અમે તેને આદરપૂર્વક સ્વીકારી લીધી છે, LSG ડિરેક્ટર ટોમ મૂડીએ જણાવ્યું. આ નિર્ણયો ક્યારેય સરળ નથી હોતા. કેપ્ટન તરીકે ઋષભ આ ડ્રેસિંગ રૂમમાં જે કંઈ લાવ્યા છે તેના માટે અમે આભારી છીએ. અમારું ધ્યાન હવે શ્રેષ્ઠ ધોરણો સુધી પહોંચવા માટે સામૂહિક પુનર્નિર્માણ અને પુનર્ગઠન પર છે. પંતના નિર્ણયના બીજ આખી સીઝન દરમિયાન દેખાતા હતા. એલએસજીના અભિયાનને નજીકથી જોનારા કોઈપણ વ્યક્તિએ મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાંથી બહાર આવતા સૂક્ષ્મ સંકેતો જોયા હશે. પંત વારંવાર એવા વાતાવરણમાં કામ કરવાના પડકારો વિશે બોલતા હતા જ્યાં નિર્ણય લેવામાં બહુવિધ અવાજોનું યોગદાન હતું.

ફ્રેન્ચાઇઝના નેતૃત્વ જૂથમાં મુખ્ય કોચ જસ્ટિન લેંગર, ડિરેક્ટર ટોમ મૂડી, સહાયક કોચ લાન્સ ક્લુઝનર અને કેન વિલિયમસન જેવા વરિષ્ઠ ખેલાડીઓનો સમાવેશ થતો હતો. ફ્રેન્ચાઇઝ ક્રિકેટમાં આવી રચનાઓ સામાન્ય હોવા છતાં, પંત આ વ્યવસ્થાથી વધુને વધુ અસ્વસ્થતા અનુભવતો હતો. જેમ જેમ સીઝન આગળ વધતી ગઈ તેમ તેમ આ વિભાજન વધુ સ્પષ્ટ થતું ગયું. પંતે ક્યારેક ક્યારેક વિવિધ ક્વાર્ટરમાંથી આવતા ઈનપુટ્સના જથ્થા પર હતાશાનો સંકેત આપ્યો, જ્યારે થિંક ટેન્કના સભ્યોએ જાહેરમાં ટીમના નેતૃત્વ અને પ્રદર્શનના પાસાઓ પર પ્રશ્ન ઉઠાવ્યા. એક તબક્કે, પંતે કહ્યું હતું કે વિચારો લાવવા સરળ છે પરંતુ મેદાન પર તેનો અમલ કરવો વધુ મુશ્કેલ છે. આ ટિપ્પણીને સેટઅપમાં અલગ અલગ દ્રષ્ટિકોણના પ્રતિબિંબ તરીકે વ્યાપકપણે અર્થઘટન કરવામાં આવ્યું હતું.

લોકપ્રિય ધારણાથી વિપરીત, LSG છેલ્લા સ્થાને રહ્યા પછી પંતે નિર્ણય લીધો ન હતો. સિઝનના ઉત્તરાર્ધમાં તેણે ફ્રેન્ચાઇઝીને પહેલેથી જ જાણ કરી દીધી હતી કે તે કેપ્ટન પદ છોડવા માંગે છે. ઝુંબેશમાં હજુ ઘણી મેચો બાકી હોવાથી, પંતે મેનેજમેન્ટ અને માલિકી જૂથને પોતાના વિચારો જણાવ્યા. શરૂઆતમાં ફ્રેન્ચાઇઝીએ તેમને પુનર્વિચાર કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો. મુશ્કેલ સિઝનને ધ્યાનમાં રાખીને, એવી લાગણી હતી કે તાત્કાલિક નિર્ણય લેવો અકાળ રહેશે. જોકે, પંત પોતાના વલણ પર અડગ રહ્યા. જેમ જેમ સીઝન આગળ વધતી ગઈ, તેમ તેમ તેણે આ ભૂમિકા છોડી દેવાની પોતાની ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો. આખરે, અનેક રાઉન્ડની ચર્ચાઓ પછી, ફ્રેન્ચાઇઝીએ તેની વિનંતી સ્વીકારી.

એક મુખ્ય મુદ્દો એ હતો કે પંત કેપ્ટનની ભૂમિકાને કેવી રીતે જુએ છે તેમાં તફાવત હતો. પંત હંમેશા એક એવો કેપ્ટન રહ્યો છે જે પોતાની સહજતા પર વિશ્વાસ રાખે છે. પોતાની કારકિર્દી દરમિયાન, તેણે ડગઆઉટના નિર્દેશો પર વધુ આધાર રાખવાને બદલે નિર્ણયોની જવાબદારી લેવાનું પસંદ કર્યું છે. દિલ્હી કેપિટલ્સથી વિપરિત LSGમાં, પંતને વધુને વધુ એવું લાગતું હતું કે તેની દાવપેચ માટે જગ્યા મર્યાદિત છે. આ સીઝન દરમિયાન ઘણી વખત આ અંતર જોવા મળ્યું, ખાસ કરીને ઉચ્ચ દબાણવાળી પરિસ્થિતિઓમાં જ્યાં વ્યૂહાત્મક નિર્ણયો પર મંતવ્યો અલગ અલગ હતા. કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની સુપર ઓવર દરમિયાન એક ખાસ ઉદાહરણ જોવા મળ્યું. પંત સંપૂર્ણપણે સહમત ન હતો કે નિકોલસ પૂરનને બેટિંગ માટે મોકલવો જોઈએ. તેની ચિંતા મેચ-અપ્સ સાથે ઓછી અને ફોર્મ સાથે વધુ સંબંધિત હતી. ટુર્નામેન્ટના તે તબક્કે, પૂરન તેના શ્રેષ્ઠ દેખાવમાં નહોતો, જ્યારે આયુષ બદોનીએ ફક્ત એક ઝડપી અને પ્રભાવશાળી ઈનિંગ રમી હતી. પંત માનતા હતા કે બદોનીની લય અને આત્મવિશ્વાસ તેમને પરિસ્થિતિ માટે એક મજબૂત ઉમેદવાર બનાવે છે. મેનેજમેન્ટે એક અલગ અભિગમ પસંદ કર્યો અને અંતિમ નિર્ણય પૂરણના પક્ષમાં ગયો. આ એપિસોડને કોઈ મોટા મુકાબલા તરીકે જોવામાં આવ્યો ન હતો, પરંતુ તે કેમ્પમાં અસ્તિત્વમાં રહેલા વિવિધ ક્રિકેટ ફિલસૂફીને પ્રકાશિત કરે છે.



સ્પેશિયલ રિપોર્ટ

એવા પણ પ્રસંગો હતા જ્યારે પંત અને સિનિયર ખેલાડીઓ રણનીતિક બાબતો પર વિરોધાભાસી મંતવ્યો ધરાવતા હતા. ઉચ્ચ કક્ષાની રમતમાં આવા મતભેદ સામાન્ય છે, પરંતુ એક એવી સિઝનમાં જ્યાં પરિણામો મળવા મુશ્કેલ હતા, ત્યાં દરેક તફાવત વધુ વધતો ગયો.

> **ટીમ મેનેજમેન્ટ સાથે વધતા મતભેદો, મુશ્કેલ સિઝન અને તેના ફોર્મ અંગેની ચિંતાઓને કારણે ઋષભ પંત લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન પદેથી રાજીનામું આપી દીધું હોવાનું કહેવાય છે, પંતે લીધેલા કેટલાક નિર્ણયને ટીમ મેનેજમેન્ટ તરફથી સમર્થન મળતું નહોતું**